 

ગાંધીનગર સમાચાર
તા. ૩-૫-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ત્રીજા મોરચાનું ત્રેખડ : વાસ્તવિકતા કે મૃગજળ ?

કોંગ્રેસના નેતૃત્વ હેઠળનું યુપીએ ગઠબંધન ત્રીજીવાર સત્તા ઉપર આવશે એવી આશા સાથે એના રાષ્ટ્રીય પ્રવકતાઓ જે પ્રોત્સાહક નિવેદનો કરતા રહે છે એમનો પ્રજા પર ઝાઝો પ્રભાવ દેખાતો નથી. ગુજરાત જેવા મોદીના જ રાજયમાં ભાજપ કરતાં એક વધુ બેઠક મેળવીશું એવો અહમદ પટેલનો આત્મવિશ્વાસ કદાચ સાચો ઠરે તો પણ સમગ્ર દેશમાં અને વિશેષપણે હિંદી બેલ્ટમાં મોદી મોજું ફરી વળ્યું હોવાનું તો ખુદ કોંગ્રેસીઓ પણ સ્વીકારતા થયા છે. જો આ મોજું ૨૭૨+ વાળું મિશન પાર ન પાડી શકે અને સમાન વિચારસરણી ધરાવતા 'સેકયુલર' પ્રાદેશિક પક્ષો ભાજપની કહેવાતી સાંપ્રદાયિક સરકાર કોઈ પણ ભોગે અટકાવવાના એક મુદ્દાના કાર્યક્રમમાં સહમત થઈ જાય તો કદાચ કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ-૩ અસ્તિત્વમાં આવી શકે. પરંતુ ત્રીજા મોરચાના નામે કોંગ્રેસ અને ભાજપ બેઉની વિરુદ્ધ લડીને પોતપોતાના પ્રદેશોમાં ઊપસી આવેલાં પરિબળો ભેગાં થઈ જાય તો બનવા જોગ કે એમને બીજા નંબરના મોટા પક્ષ તરીકે ઊપસી આવેલાં કોંગ્રેસનો ટેકો સાંપડે અને એ રીતે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનતા અટકાવવામાં એની નેતાગીરીને સફળતા સાંપડે. ભાજપના નેતાઓ તો કોંગ્રેસની બેઠકો બે આંકડામાં સમેટાઈ જવાની બડાશ હાંકતા રહ્યા છે, પરંતુ કોંગ્રેસ ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે. આજની એની બેઠકો કરતાં સો જેટલી બેઠકો ઓછી થઈ જાય તો પણ એ સવાસો જેટલી બેઠકો તો મેળવી શકશે એવું રાજકીય પંડિતો માની રહ્યા છે. હવે જો પ્રાદેશિક પક્ષો દોઢસોની આસપાસ બેઠકો મેળવે અને બધા જ મોદીને સત્તારૂઢ નહીં થવા દેવાના મુદ્દે એક મંચ પર આવી જાય તો કોંગ્રેસના સમર્થનવાળી ત્રીજા મોરચાની સરકારની સંકલ્પના સાકાર થઈ શકે એમ છે. ખાટલે મોટી ખોડ હોય તો તે એ કે ત્રીજા મોરચાની રચના હજી ચૂંટણી પરિણામો પછી થવાની છે. પરસ્પર વિરોધી પ્રાદેશિક પરિબળો સાથે બેસવા સહમત થશે કે કેમ એ પ્રશ્ન પણ ખરો જ. મુલાયમસિંહ જેવા પીઢ નેતા જો ઉત્તરપ્રદેશમાં ચાળીસ જેટલી બેઠકો મેળવી બાકીના પ્રાદેશિક પક્ષોમાં સૌથી મોખરે રહે તો એમને બીજા બધા તો ટેકો આપવા તૈયાર થાય, પરંતુ માયાવતી કોઈ કાળે તૈયાર થાય નહીં. મમતા બેનરજી પણ મુલાયમસિંહ જેટલાં જ મહત્વાકાંક્ષી છે, પરંતુ એમણે જરૂર પડ્યે વડાપ્રધાનપદ માટે જયલલિતા જેવાં મહિલાનું સમર્થન કરવાની બાંયધરી આપેલી છે. આમ ત્રીજા મોરચામાં પરસ્પર વિરોધી પરિબળો છે. પશ્ચિમ બંગમાં ડાબેરીઓ અને મમતા વચ્ચે બાપે માર્યાં વેર છે. આમ છતાં, આ વખતની ચૂંટણીમાં લગભગ તમામ પ્રાદેશિક નેતાઓએ એમની વોટ બેંકમાં નરેન્દ્ર મોદી બાકોરું પાડતા લાગ્યા ત્યારે એમની સામે કડવી ભાષામાં ઘુરકિયાં કર્યાં છે, તે જોતાં આવું સમીકરણ અશકય પણ નથી. જો કે પ્રજાએ ત્રીજા મોરચાની અસ્થિર સરકારો નિહાળી છે એથી કદાચ નિર્ણાયક મતદાન કરવાનું મન બનાવી લીધું હોય તો 'સેકયુલર' પરિબળોના મનની મનમાં જ રહી જાય એમ પણ બને!

# ગાંધીનગર ખાતે રવિવારે પુસ્તક પરબ યોજાશે

## પુસ્તક પરબમાં વિનામૂલ્યે પુસ્તકો આપી લઈ શકાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ખાતે દર મહિનાના પ્રથમ રવિવારે માતૃભાષા અભિયાન, અમદાવાદ અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં યોજવામાં આવતી પુસ્તક પરબ આ રવિવારે તા. ૪-૫-૨૦૧૪ના રોજ યોજાનાર છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર ભાવક ઉપલબ્ધ પુસ્તકોમાંથી કોઈ પણ બે પુસ્તક વિનામૂલ્યે ભેટમાં લઈ જઈ શકશે. પુસ્તક પરબમાં પુસ્તકો દાનમાં પણ આપી શકાય છે.

વિદ્યાર્થીઓ, યુવાનો, ગૃહિણીઓ, વડીલો સારા પુસ્તકોનું વાંચન કરી શકે, માતૃભાષાનું ગૌરવ થાય તે હેતુથી આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. દર મહિને ૧૦૦ ઉપરાંત ભાવકો પુસ્તક પરબનો લાભ લે છે. તા. ૪-૫-૨૦૧૪ના રોજ ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન પાસે ગાંધીનગર ખાતે યોજાનાર આ પુસ્તક પરબનો લાભ લેવા વિનંતી છે. આ પુસ્તક પરબનો સમય સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધીનો રહેશે.

## હરિની દૃષ્ટિ...




મેં ચુંટણી ઢંઢેરામાં જે ભાષણ કર્યા છે તેની કોપી સાચવીને રાખજો, ચુંટાયા પછી આપણે પ્રજાને જે વચન આપ્યા છે તેવા જ કામ દ્વારા પક્ષની તિજોરી ભરવી પડશે ને?



## ગરમીમાં પણ બાળકો હળવા મુડમાં

શહેરની શાળાઓમાં સમર વેકેશનના કેમ્પો પુરબહારમાં ખિલ્યા છે. ત્યારે સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે ૧૫ દિવસનો ત્રીજો સમરકેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પમાં બાળકોને વ્યક્તિ ઘડતરની વિકાસલક્ષી ડાન્સ, મ્યુઝીક, યોગા, કરાટે, લોન ટેનિસ, ક્રિકેટ, વોલીબોલ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, સ્કેટીંગ સહિતની અલગ-અલગ રમતોની પદ્ધતિસરની તાલીમ આપવામાં આવી હતી. કેમ્પમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# આગામી નવમી જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે

અમદાવાદ, તા.૦૨

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં લેવાયેલી વાર્ષિક પરીક્ષાનું પરિણામ આવતીકાલે તા. ૩ મે ના રોજ જાહેર કરાશે. પરિણામ બાદ પ્રાથમિક શાળાઓમાં ઉનાળું વેકેશનનો સત્તાવાર પ્રારંભ થશે. જે તા. ૮ જૂન સુધી ચાલશે, જ્યારે આગામી ૯મી જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૩ થી ૮ સુધીના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા ગત મહિને તા. ૯ થી ૧૭ એપ્રિલ સુધી યોજાઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓનું વેકેશન શરૂ થયું હતું. જો કે, શિક્ષણ-શિક્ષિકાઓ પરિણામની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા હતા. દરમિયાન લોકસભા ચૂંટણીનો ધમધમાટ પુરો થતાં ચૂંટણી કામગીરીમાં જોડાયેલા શિક્ષકો સહિત કર્મચારીઓ પરત ફર્યા છે. આ સાથે જ શાળાઓમાં પરિણામનો ધમધમાડ શરૂ થયો છે. ગુરૂવારે ગુજરાત સ્થાપના દિવસની રજા હતી પરંતુ કેટલીક ખાનગી શાળાઓમાં આ દિવસે ચાલુ વર્ષે લેવાયેલ શાળાકીય પરીક્ષાના પરિણામ જાહેર કરાયા હતા. જ્યારે અન્ય ગ્રાન્ટેડ શાળાઓમાં અને સરકારી પ્રાથમિક શાળાઓમાં આવતીકાલે પરિણામ જાહેર કરાશે. સરકારી અને ખાનગી શાળાઓમાં ઉનાળું વેકેશનનો પ્રારંભ થશે. જે આઠ જૂન સુધી ચાલશે, જ્યારે આગામી ૯મી જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. નવમી જૂનથી શૈક્ષણિક સત્રની શરૂઆત થયા બાદ આ વખતે શિક્ષણ ખર્ચમાં વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે. અનેક સ્કૂલો દ્વારા ફીમાં વધારો પણ કરવામાં આવ્યો છે. બીજી બાજુ પાઠ્યપુસ્તકોની કિંમતમાં પણ વધારો થઈ રહ્યો છે તે જોતા વિદ્યાર્થીઓ ઉપર વધુ બોજની શક્યતા દેખાઈ રહી છે.

## ઈશ્વરનો પત્ર બાળકને

સૌજન્ય વિનુભાઈ કે. પટેલ (રાયસણ)
અનુવાદ : રમણ વાઘેલા

પ્રિય બાળક,
પણ સાથે પત્ર તું આ વાંચજે,
જો મળે થોડો સમય, સંભારજે.

આજ સવારે તું ઊંઘમાંથી ઉઠ્યો ત્યારે મારા મનમાં એક આશા સાથે તને નિરખી વિચારતો હતો કે તું અવશ્ય મારે સાથે થોડીક ગોઠડી તો કરીશ જ. ભલેને બે-ચાર શબ્દોનો સંવાદ કેમ ન હો, પણ તુ મારી સાથે સંવાદ તો આદરીશ જ. તું મારો અભિપ્રાય જાણવા માંગતો હોઈશ કાં તો પછી ગઈકાલે તારા જીવનમાં જે કોઈ નાનીમોટી ઘટનાઓ ઘટી હશે તે વિશે પણ તું મને ધન્યવાદ દઈશ. એવીમારી અપેક્ષા હતા. પરંતુ મેં તો જોયું કે તું તો પારાવા વ્યસ્ત જ રહ્યો હતો. કારોબારના સ્થળે પહોંચવાની ઉતાવળમાં તું તો પ્રાતઃકાળના કાર્યોમાંથી નવરાશ મેળવી તું મને યાદ કરીશ. અને હું પ્રતિક્ષા કરતો જ રહ્યો.. જ્યારે તું તૈયાર થઈને ઘરેથી બહાર જવા નિકળી પડોય ત્યારેય હું વિચારતો હતો કે થોડીક મીનીટ થોભીને તું મને નમસ્કાર અથવા તો હેલ્લો જેવા બે શબ્દો જરૂર કહીશ, પરંતુ મેં જોયું કે તું તો રોજની દોડધામમાં એટલો વ્યસ્ત હતો કે મારી સાથે વાતચીત કર્યા વિના જ કારોબારના સ્થળે પહોંચી ગયો. કારોબારના સ્થળે પહોંચ્યા પછીયે તારી પાસે પુરતો સમય હતો મને યાદ કરવા માટેનો, પરંતુ તે તો મને લગીરેય યાદ કર્યો જ નહીં, ઉલ્ટાનું ફોન ઉપર તારા મિત્રો સાથે વાત કર્યા બાદ તને તારા દોસ્ત ઈશ્વરની યાદ આવશે અને મારી સાથે ચોક્કસ કશીક તો વાત કરીશ.. અને હું પ્રતિક્ષા કરતો જ રહ્યો, તારા બે બોલની પણ...

તારી આ દોડધામ જોઈ મેં અનુમાન કર્યું કે તું એટલો વ્યસ્ત હતો કે મારી સાથે વાત કરવાનો સમય કાઢવો તારા માટે અશકય હતો. અને હું તારા રોજિંદા કામને ધીરજથી જોતો રહ્યો, એવી અપેક્ષા સાથે કે ક્યારે તું આ બધામાંથી થોડીક ક્ષણો ગુપચાવી દઈ મારી સાથે વાત કરીશ. બપોરના ભોજન પહેલાં તે આજુબાજુ નજર દોડાવી તો મને લાગ્યું કે કદાચ તું મારી સાથે વાત કરવા માટે આકુળ-વ્યાકુળ છે, પરંતુ એમ મને નહીં પણ તારા કોઈ મિત્રને પાસે બોલાવી, ભોજન માટે નિમંત્રયો. આ ક્ષણે પણ તે મને યાદ કર્યો નહીં અને હું પાછો વાટ જોવા લાગ્યો કે તું મને યાદ તો કરીશ જ.

જયારે આખા દહાડાના કામકાજમાંથી પરવારી તું ઘરે પહોંચ્યો ત્યારે મારી અપેક્ષા યથાદત જ હતી કે તું મને યાદ કરી મારી સાથે વાત કરીશ. પરંતુ, એમ બનવા પામ્યું નહીં અને તું તો સીધો ટીવી ચાલુ કરી તેની સામે બેસી ગયો. હું એ સમજી શકતો ન હતો કે તને ટીવી આટલું બધું કેમ પસંદ છે? હંમેશને માટે તું ટીવી જોવામાં તારો કિંમતી સમય બરબાદ કરી રહ્યો છે. સબૂરી રાખી હું તારી રાહ જોતો રહ્યો અને આશાભર નજરે તને ટીવી જોતો રાત્રિનું વાળું લેતો અને ગપછપ કરતો જોતો રહ્યો. એ વિચારે કે તું મારી સાથે વાત તો કરીશ પરંતુ તેં તો કોઈ વાતચીત આરંભી જ નહીં. થાકી હારીને જયારે તું પથારી તરફ જઈ રહ્યો હતો ત્યારે પણ મેં વિચાર્યું કે સૂતાં પહેલાં તું જરૂર મને યાદ કરી મારી સાથે બે ઘડી વિતાવીશ. પરંતુ તે તો તારા કુટુંબીજનોને શુભરાત્રી કરી પથારીમાં લંબાવી દીધું અને થોડીકવારમાં તો તું નિદ્રાધીન થઈ ગયો અને હું પ્રતિક્ષા કરતો જ રહ્યો..

કદાચ તને એ વાતનો અહેસાસ પણ નહીં થયો હોય કે હું હંમેશને માટે તારી આસપાસ જ રહું છું. મારી પાસે તને આપવા માટે ઘણું બધું છે અને હું એ બધું તને આપવાયે ઈચ્છું છું. તને એટલું બધું વ્હાલ કરું છું કે હું દરરોજ તારી આરાધના, તારા મનમાં વ્યાપ્ત પ્યાર, હૃદયના ઉદગારો સાંભળવાની પ્રતિક્ષા કરતો જ રહું છું. ભલે, ફરી તું મીઠી નિંદર લઈને ઉઠ્યો છે અને હું... ફરી એકવાર તારી પ્રતિક્ષા કરી રહ્યો છું... દિલમાં તારા માટેનો અનહદ પારાવાર પ્યાર લઈને, એ જ આશામાં કે આજે તો તું જરૂર મારા માટે થોડોક સમય ફાજલ કરીશ.

તારો મિત્ર- સદૈવ પ્રતિક્ષા કરતો ઈશ્વર

# ગાંધીનગરની વિવિધ શાળાઓનાં પરિણામ

### જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા, સે-૨૩

| વિદ્યાર્થીનું નામ | મેળવેલ ટકા |
|---|---|
| **ધોરણ -૧/એ** | |
| પટેલ અંશ કૌશિકકુમાર | ૯૯.૮૩ |
| ચૌધરી લક્ષ જયંતિભાઈ | ૯૯.૦૦ |
| પટેલ મિત્ત શૈલેષકુમાર | ૯૮.૮૩ |
| **ધોરણ- ૧/બી** | |
| પટેલ પ્રિન્સ મુકેશકુમાર | ૯૯.૮૩ |
| પટેલ માન ગિરીશભાઈ | ૯૭.૧૭ |
| પટેલ શ્લોક પ્રેરકુકમાર | ૯૭.૦૦ |
| **ધોરણ-૧/સી** | |
| પટેલ ક્રિશ જીજ્ઞેશભાઈ | ૯૭.૧૭ |
| પ્રજાપતિ મંથન રાજેશકુમાર | ૯૩.૦૦ |
| બારીઆ રોનકકુમાર મહેન્દ્રસિંહ | ૯૨.૫૦ |
| **ધોરણ-૧/ડી** | |
| દંતાણી પ્રિત વિકેશકુમાર | ૯૩.૮૩ |
| ત્રિવેદી પ્રહર્ષ દક્ષેષકુમાર | ૯૩.૬૭ |
| ત્રિવેદી કથન સુનિલકુમાર | ૯૨.૧૭ |
| પંડયા માહિર મહેશકુમાર | ૯૨.૧૭ |
| **ધોરણ-૧/ઈ** | |
| પ્રજાપતિ મહેન્દ્ર દિનેશભાઈ | ૯૬.૩૩ |
| સોલંકી ધ્રુમિલ મનોજકુમાર | ૯૧.૦૦ |
| પ્રજાપતિ મિત્ત દિલીપભાઈ | ૯૦.૮૩ |
| **ધોરણ- ૨/એ** | |
| પટેલ જેમ્સ બ્રિજેશભાઈ | ૯૯.૦૦ |
| પટેલ આર્યન દિનેશભાઈ | ૯૮.૮૩ |
| પટેલ દેવલ શૈલેષભાઈ | ૯૮.૩૩ |
| પટેલ હેત દિલીપભાઈ | ૯૮.૩૩ |
| **ધોરણ-૨/બી** | |
| પ્રજાપતિ કૃષિલ સંજયભાઈ | ૯૯.૦૦ |
| પટેલ મિત કિરણકુમાર | ૯૮.૩૩ |
| પટેલ પાર્થ યોગેશભાઈ | ૯૮.૦૦ |
| **ધોરણ-૨/સી** | |
| પટેલ રૂદ્ર સંજયકુમાર | ૧૦૦.૦૦ |
| ભટ્ટી ધ્રુવ જોતીકુમાર | ૯૯.૧૭ |
| પટેલ નમન બીપીનભાઈ | ૯૯.૧૭ |
| ભટ્ટ ધર્મ પુનીતભાઈ | ૯૮.૦૦ |
| **ધોરણ-૨/ડી** | |
| પટેલ જીત અરુણ કુમાર | ૯૯.૧૭ |
| આગજા ક્રિશ રણજીતકુમાર | ૯૭.૦૦ |
| શ્રીમાળી પ્રિન્સ પિયુષકુમાર | ૯૭.૦૦ |
| લીબાંત વિરાજ બળદેવભાઈ | ૯૬.૮૩ |
| **ધોરણ-૨/ઈ** | |
| તુવાર યુવરાજસિંહ જયેન્દ્રસિંહ | ૯૪.૮૩ |
| ગામેતી રક્ષવ દિલીપભાઈ | ૯૪.૫૦ |
| જયસ્વાલ સાહિલ બલવંતભાઈ | ૯૩.૦૦ |
| **ધોરણ-૨/એફ** | |
| નિનામા ઓમ મગનભાઈ | ૯૯.૮૩ |
| પટેલ જીલ કનૈયાલાલ | ૯૯.૧૭ |
| સોલંકી રચિત કનૈયાલાલ | ૯૮.૩૩ |
| **ધોરણ-૩/એ** | |
| ઠક્કર સ્મિત પાર્થકુમાર | ૯૭.૧૩ |
| પ્રજાપતિ દેવર્શ ચેતનભાઈ | ૯૬.૦૦ |
| પટેલ સ્મિત પંકજભાઈ | ૯૫.૨૫ |
| **ધોરણ-૩/બી** | |
| મિસ્ત્રી યુગ ભાવેશકુમાર | ૯૬.૨૫ |
| ગુલવે પ્રથમ પ્રવિણભાઈ | ૯૪.૨૫ |
| પટેલ ઓમ પ્રજ્ઞેશભાઈ | ૯૩.૨૫ |
| **ધોરણ-૩/સી** | |
| પટેલ હેનિશ ગોવિંદભાઈ | ૯૪.૦૦ |
| પટેલ હર્ષ શૈલેષભાઈ | ૯૩.૮૮ |
| બારા ધ્રુવિલ રાજેન્દ્રકુમાર | ૯૨.૬૩ |
| **ધોરણ-૩/ડી** | |
| પટેલ પિનેશ અનિલકુમાર | ૯૪.૨૫ |
| ઠાકોર અર્ચિત હિતેશભાઈ | ૯૨.૬૩ |
| ચૌધરી તનમય ગોવિંદભાઈ | ૮૯.૮૮ |
| **ધોરણ-૩/ઈ** | |
| શાહ રૂદ્ર હર્ષદભાઈ | ૯૬.૫૦ |
| જોષી કિરાત ચાણકયકુમાર | ૯૪.૩૮ |
| શ્રીમાળી તક્ષ બીપીનકુમાર | ૯૪.૧૩ |
| **ધોરણ-૩/એફ** | |
| દરજી આર્યન શૈલેષકુમાર | ૯૩.૭૫ |
| ડામોર મિહિર કમલેશકુમાર | ૯૨.૮૮ |
| શાહ દર્શ મુકેશભાઈ | ૮૯.૦૦ |
| **ધોરણ-૪/એ** | |
| પટેલ ક્રિશ વાસુદેવ | ૯૯.૩૦ |
| પટેલ લક્ષ હસમુખભાઈ | ૯૬.૮૦ |
| ગામીત ધ્રુવીલ નવીનભાઈ | ૯૫.૫૦ |
| **ધોરણ-૪/બી** | |
| પટેલ ધ્યાન જગદીશભાઈ | ૯૭.૫૦ |
| પટેલ ધ્રુવિલ નીતિનકુમાર | ૯૭.૧૦ |
| શાહ હર્ષિલ કનૈયાલાલ | ૯૫.૦૦ |
| **ધોરણ-૪/સી** | |
| પંચાલ હિત જતીનકુમાર | ૯૭.૬૦ |
| વાઘેલા મિત્તરાજસિંહ કિરીટસિંહ | ૯૭.૦૦ |
| વિહોલ દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ | ૯૫.૭૦ |
| **ધોરણ-૪/ડી** | |
| પ્રજાપતિ ઋતુલ દશરથભાઈ | ૯૭.૧૦ |
| દંતાણી પ્રિન્સ વિજયભાઈ | ૯૬.૫૦ |
| વાઘેલા પાર્થિવસિંહ દિલીપસિંહ | ૯૪.૭૦ |
| **ધોરણ-૪/ઈ** | |
| ચૌહાણ વ્રજ જયેશકુમાર | ૯૫.૦૦ |
| અડાલજા જય પંકજકુમાર | ૯૪.૫૦ |
| પટેલ જય પ્રવિણભાઈ | ૯૨.૫૦ |
| **ધોરણ-૪/એફ** | |
| નિસરતા તેજસ જીતેન્દ્રભાઈ | ૯૬.૬૦ |
| પ્રજાપતિ ક્રિશ અરવિંદભાઈ | ૯૩.૮૦ |
| સુખડિયા પ્રેરક યોગેશકુમાર | ૯૩.૧૦ |
| **ધોરણ-૫/એ** | |
| ધોબી લવ હિતેશકુમાર | ૯૮.૨૫ |
| ગોધર્વ મહિન યુનુશભાઈ | ૯૭.૫૮ |
| પટેલ ક્રિશ્ના અરવિંદભાઈ | ૯૬.૭૫ |
| **ધોરણ-૫/બી** | |
| વ્યાસ પૂજન નિરંજનકુમાર | ૯૫.૯૨ |
| પટેલ પ્રથિત જગદીશભાઈ | ૯૫.૫૦ |
| વાઘેલા ક્રિશ નિકેશભાઈ | ૯૫.૩૩ |
| **ધોરણ-૫/સી** | |
| પટેલ વ્રજ કનુભાઈ | ૯૮.૫૦ |
| દરજી ઉર્વીશ રાજેશકુમાર | ૯૬.૦૮ |
| પટણી આદિત્ય કિશોરભાઈ | ૯૫.૬૭ |
| **ધોરણ-૫/ડી** | |
| શાહ ધ્રુવ જીનેશકુમાર | ૯૩.૫૦ |
| પટેલ રૂદ્ર હસમુખભાઈ | ૯૧.૫૦ |
| પટેલ દર્શન ગિરીશકુમાર | ૮૮.૫૮ |
| **ધોરણ-૫/ઈ** | |
| પ્રજાપતિ દેવમ ડાહ્યાભાઈ | ૯૭.૨૫ |
| પટેલ પરમ બદ્રિશભાઈ | ૯૫.૮૩ |
| પટેલ જીલ હર્ષદભાઈ | ૯૪.૯૨ |
| **ધોરણ-૫/એફ** | |
| પટેલ સિધ્ધાંત મહેન્દ્રકુમાર | ૯૫.૮૩ |
| પટેલ ઉત્પલ વિષ્ણુભાઈ | ૯૪.૭૫ |
| ભાલકિયા યશ રમેશચંદ્ર | ૯૦.૫૦ |
| **ધોરણ-૫/જી** | |
| દેસાઈ મોહિત હર્ષકુમાર | ૯૭.૫૮ |
| પટેલ દીપ જયેશકુમાર | ૯૫.૫૮ |
| પરમાર નિશાંત ભીખાભાઈ | ૯૫.૪૨ |
| **ધોરણ-૬/એ** | |
| પટેલ કૃતજ્ઞ ભુપેન્દ્રભાઈ | ૯૭.૫૦ |
| ભાવસાર પર્વ મનોજકુમાર | ૯૫.૭૧ |
| પટેલ જય ચંદ્રકાન્તભાઈ | ૯૩.૨૧ |
| **ધોરણ-૬/બી** | |
| અનાવાડિયા જયોતિન્દ્ર પૂનમચંદ્ર | ૯૭.૭૯ |
| મહેરિયા પૂર્વાંગ વિપુલકુમાર | ૯૭.૫૦ |
| પરમાર વૈભવ મણિલાલ | ૯૭.૨૧ |
| **ધોરણ-૬/સી** | |
| ચૌધરી કિરણ ડાહ્યાભાઈ | ૯૪.૪૩ |
| સોની દિપ જયેશકુમાર | ૯૪.૨૧ |
| પટેલ ધૈર્ય અનિલકુમાર | ૯૧.૪૩ |
| **ધોરણ-૬/ડી** | |
| પટેલ જીલ અરવિંદભાઈ | ૯૭.૦૭ |
| આચાર્ય પાર્થિવ નરેશભાઈ | ૯૩.૭૧ |
| પટેલ ધ્રુમિલ મહેશભાઈ | ૯૦.૯૩ |
| **ધોરણ-૬/ઈ** | |
| પટેલ પાર્થ દિનેશભાઈ | ૯૧.૫૭ |
| રાઠોડ રાકેશ કાલુભાઈ | ૯૦.૪૩ |
| પટેલ રવિ દિનેશભાઈ | ૮૮.૫૦ |
| **ધોરણ-૬/એફ** | |
| જાની ભવ્ય હિતેશકુમાર | ૯૧.૬૪ |
| શાહ અમન મનિષભાઈ | ૯૧.૫૭ |
| ચાવડા મહાવીર જુવાનસિંહ | ૯૧.૫૪ |
| **ધોરણ-૬/જી** | |
| પરીખ રીકી અનિલભાઈ | ૯૧.૭૯ |
| આહિર જીગ્નેશભાઈ ભીખાભાઈ | ૮૫.૨૧ |
| સિસોદિયા દિવ્યરાજસિંહ રાજેન્દ્રસિંહ | ૮૧.૨૯ |
| **ધોરણ-૭/એ** | |
| ગાવિત મિલિત સીતારામભાઈ | ૯૬.૭૧ |
| ચુડાસમા નિશિત રાજેન્દ્રકુમાર | ૯૫.૯૩ |
| પટેલ મિત જગદીશભાઈ | ૯૫.૫૭ |
| **ધોરણ-૭/બી** | |
| પ્રજાપતિ કુંજલ રશ્મિનકુમાર | ૯૮.૬૪ |
| શાહ મીત શૈલેષભાઈ | ૯૭.૬૪ |
| પટેલ યશ કમલેશકુમાર | ૯૭.૫૦ |
| **ધોરણ-૭/સી** | |
| ચરપોટ ધ્રુવ તખજીભાઈ | ૯૭.૩૬ |
| ચૌધરી ધવન ચંદ્રશેખર | ૯૬.૫૭ |
| પારગી જયદીપસિંહ મુકેશભાઈ | ૯૫.૯૩ |
| **ધોરણ-૭/ડી** | |
| પટેલ શિવમ ભરતકુમાર | ૯૬.૭૧ |
| પટેલ હિત પરેશકુમાર | ૯૪.૨૯ |
| પટેલ જય શરદકુમાર | ૯૪.૧૪ |
| **ધોરણ-૭/ઈ** | |
| તાવિયાડ પ્રદિપકુમાર ચુનીલાલ | ૯૪.૫૭ |
| ચૌધરી સાહિત પિયુષભાઈ | ૯૩.૭૧ |
| નાયક આલાપ હરેશભાઈ | ૯૩.૬૪ |
| **ધોરણ-૭/એફ** | |
| પટેલ હર્ષ મહેશભાઈ | ૯૪.૫૦ |
| પટેલ મીત મનિષકુમાર | ૯૩.૧૪ |
| પટેલ પાર્થ વિપુલભાઈ | ૯૨.૨૯ |
| **ધોરણ-૭/જી** | |
| પટેલ સ્મિત હસમુખભાઈ | ૯૪.૦૦ |
| ડાભી પરમવીરસિંહ અજિતસિંહ | ૯૩.૨૧ |
| પુરોહિત ઋત્વિક જયેશકુમાર | ૯૨.૩૬ |
| **ધોરણ-૮/એ** | |
| જોષી નિર્ભય પ્રકાશભાઈ | ૯૭.૫૦ |
| પટેલ આયુષ પ્રફુલ્લભાઈ | ૯૭.૫૦ |
| પટેલ ગૌરવ દિનેશકુમાર | ૯૬.૨૧ |
| પટેલ ભાવેશ નરેશભાઈ | ૯૫.૬૪ |
| **ધોરણ-૮/બી** | |
| પટેલ કૃતાર્થ દિનેશભાઈ | ૯૫.૫૦ |
| વ્યાસ નીરલ નિલેશભાઈ | ૯૩.૯૩ |
| ડાભી નિરજ મગનલાલ | ૯૩.૬૪ |
| **ધોરણ-૮/સી** | |
| ઠક્કર મિથિલેશ પાર્થકુમાર | ૯૫.૫૦ |
| પટેલ રાહુલ ભાઈલાલભાઈ | ૯૨.૨૧ |
| ચૌહાણ ચિરાગ રમેશચંદ્ર | ૯૨.૪૩ |
| **ધોરણ-૮/ડી** | |
| ખેર સિધ્ધરાજસિંહ અજીતભાઈ | ૯૫.૨૧ |
| ખિમસુરીયા અભિતજીત મનસુખભાઈ | ૯૪.૨૧ |
| પટેલ સ્કેનકુમાર દિનેશભાઈ | ૯૩.૭૧ |
| **ધોરણ-૮/ઈ** | |
| પટેલ પાર્થ નાનાભાઈ | ૯૨.૪૩ |
| વણઝારા પાર્થ ગણપતલાલ | ૯૨.૦૭ |
| ઠાકોર અજયસિંહ ગણપતસિંહ | ૯૧.૪૩ |
| **ધોરણ-૮/એફ** | |
| વોઘેલા હર્ષરાજ કિરીટસિંહ | ૯૧.૬૪ |
| ચૌધરી સ્મિત મનુભાઈ | ૯૦.૭૧ |
| પટેલ નિલયકુમાર મહેશભાઈ | ૮૯.૨૯ |
| **ધોરણ-૮/જી** | |
| પટેલ નિસર્ગ પંકજકુમાર | ૯૭.૨૧ |
| પરીખ શ્રેય ગિરીશભાઈ | ૯૫.૨૧ |
| પરમાર હાર્દિક ગોવિંદભાઈ | ૯૧.૮૬ |